DATE 25-09-2025 RNI NO. 46571/86 R.Postage. No. AND/50/2024-26 આણંદમાંથી દર ગુરૂવારે પ્રસિદ્ધ થતું અગ્રીમ સાપ્તાહિક

**વિદ્યાદાન શ્રેષ્ઠદાન**
વામનબંધુ ફાઉન્ડેશન - આણંદ દ્વારા દર વર્ષે શ્રી ભાઈલાલભાઈ આઈ. પટેલ ( ચિખોદરા - USA ) કેળવણી સહાય યોજના અંતર્ગત જેને સગો ભાઈ ના હોય તેવી વિદ્યાર્થીઓને નિ:શુલ્ક ફુલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવે છે. ફુલસ્કેપ ચોપડાના ટાઈટલ (પુઠ્ઠા)માં જાહેરખબર આપી સહયોગ આપવા વિનંતી
પ્રમુખ : દલસુખભાઈ પ્રજાપતિ
મો. 94082 59275

# ચરોતર બંધુ
સાપ્તાહિક

Email : charotarbandhu@yahoo.com

ઉધઈ
STANDARD PEST CONTROL
નવા બનતા તેમજ જૂના બનેલા મકાન, ગોડાઉન, ફેકટરી, બાગ-બગીચા, ઓફિસમાં ઉધઈ તેમજ અન્ય જીવાતોની ટ્રીટમેન્ટ કરાવવા માટે મળો. નવા બનતા મકાનમાં પાઈપલાઈન દ્વારા ઉધઈની ટ્રીટમેન્ટ કરી આપીશું.
પરફ્યુમ ફીનાઈલ-એસિડ-લીક્વીડ ઉધઈની દવા-પાઉડર મળશે.
Sandip Amin - Mo : 9825540720
(cus. care) 9426640728
(Office) (02692)-240728
શારદા હાઈસ્કૂલ આગળ, આણંદ

YEARS : 40 VOLUME : 37 DATE : 25-09-2025 Publish & Printed At : Vaman Printers, Ambika Park, Anand. Price : Rs.2 /-

વર્ષ : ૪૦ અંક : ૩૭ તા. ૨૫-૦૯-૨૦૨૫ ગુરૂવાર : કાર્યાલય : અંબિકા પાર્ક સોસાયટી, ગોપી ટોકીઝ રોડ, આણંદ- ૩૮૮૦૦૧ કિંમત ૨ રૂા. પાના- ૪

પ્રકાશક/ તંત્રી : દલસુખભાઈ પી. પ્રજાપતિ, સહતંત્રી : મૌલિકકુમાર કે. પ્રજાપતિ મુદ્રણ : વામન પ્રિન્ટર્સ, અંબિકા પાર્ક સોસાયટી, ગોપી ટોકીઝ રોડ, આણંદ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. મો. : ૯૪૦૮૨ ૫૯૨૭૫

## સિયારામ ફાઉન્ડેશનના ઉપક્રમે મેલડી માતાજીના મંદિર વલાસણ ખાતે ધાર્મિક સભા યોજાઈ





નવરાત્રીના વલાસણ ગામના મેલડી માતાજી મંદિર ખાતે ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. પ્રયાગરાજ બાગમબરી મઠના મહંત તથા ઐતિહાસિક હનુમાન મંદિરના મહંત શ્રી 1008 બલવીરગીરી મહારાજ પધારી પોતાના આશીર્વચન આપ્યા.


મહારાજે પોતાના પ્રવચનમાં કહ્યું કે ધર્મ અને અધર્મ વચ્ચેનો ભેદ સમજવો અત્યંત જરૂરી છે અને જીવનમાં હંમેશા સત્ય, ન્યાય અને ધર્મના માર્ગે ચાલવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સંગીત અને રાસ-ગરબા દ્વારા પણ ભગવાનની ભક્તિ થઈ શકે છે, કારણ કે સનાતન સંસ્કૃતિમાં ભક્તિનો કોઈ એક જ સ્વરૂપ નથી – ગીત, નૃત્ય, જપ, ધ્યાન, સેવા - બધાં જ ભક્તિના સાધન છે.

મહારાજે સનાતન ધર્મની મહાનતા વિશે વાત કરતાં જણાવ્યું કે સનાતન ધર્મ માત્ર એક ધર્મ નથી, પરંતુ માનવજાતને સારા માર્ગે ચાલવા માટે માર્ગદર્શક છે. તેમણે યુવાનોને સંદેશ આપ્યો કે ભક્તિ સાથે સાથે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પણ પ્રયત્ન કરવો જોઈએ.

આ પ્રસંગે આણંદના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, ભૂતપૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ ધારાસભ્ય પેટલાદ, મેહુલભાઈ પટેલ સંકેત સેલ્સ આણંદ, દશરથભાઈ પટેલ તથા મેલડી માતા ટ્રસ્ટના મંડળ સભ્યો તેમજ આસપાસના ગામોના ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન સિયારામ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશનના સ્થાપક શ્રીમતી દિપાલીબેન ઈનામદાર તથા શ્રી વિશાલભાઈ ઈનામદારએ જણાવ્યું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા યુવા પેઢી સુધી ભારતીય સંસ્કૃતિના મૂલ્યો પહોંચાડવાનો સતત પ્રયાસ રહેશે.

કાર્યક્રમનું સફળ સંચાલન સિયારામ ફાઉન્ડેશનના સેવકો અને ગામના યુવાનો દ્વારા કરવામાં આવ્યું.

## સિનિયર સિટીઝન્સ ફોરમ, આણંદમાં યોજાયેલ ભવ્ય નવરાત્રી ગરબા મહોત્સવ












સિનિયર સિટીઝન ફોરમ, આમંદના ઉપક્રમે મા જગદંબાની ભક્તિ દ્વારા શક્તિ પ્રાપ્ત થાય અને સૌ સુખિયા બને તેવા શુભ ઉદ્દેશથી લાયન્સ હોલ આણંદ ખાતે ફોરમના ઉત્સાહી પ્રમુખ કૃષ્ણકાંત જી. શાહના અધ્યક્ષ સ્થાને ડાહીબેન રાવજીભાઈ પટેલ અને ઉમાબેન મનુભાઈ પટેલ નવરાત્રિ ગરબા મહોત્સવ ભારે ભક્તિભાવ પૂર્વક સંપન્ન થયો હતો.

આ નવરાત્રિ ગરબા મહોત્સવમાં ભાવિનાબેન પટેલ, જયશ્રીબેન ગાંધી, અનિલ ઈનામદાર, યોગેશ પારેખ વગેરે કલાકારોએ પોતાના આગવી ગાયકીમાં તબલાના તાલે અને સંગીતની સુરાવલીઓ સાથે વિવિધ તાલના ગરબા રજૂ કરી ફોરમના સૌ વયસ્ક ભાઈ- બેનોને ગરબે ધૂમતા કરી દીધા હતા.

આ નવરાત્રી મહોત્સવમાં ભોજન પ્રાયોજકનું સૌજન્ય ફોરમના પેટ્રન સભ્ય કિરીટભાઈ કે. ગાંધી પરિવારે દીપાવ્યું હતું. જેમનો પરિચય દ્રષ્ટિવંત ઉપપ્રમુખ દીપકભાઈ કે. શાહે આપી આ પરિવારની ઉદાત ભાવનાને સુંદર શબ્દોમાં ઉજાગર કરી હતી. આ પરિવારનું સ્મૃતિભેટ એનાયત કરી સન્માન પ્રમુખ કૃષ્ણકાંત જી. શાહે, ઉપપ્રમુખ દિપકભાઈ કે. શાહે કર્યું હતું.

આ પ્રસંગે નિર્ણાયક તરીકે નગર પ્રાથમિક શાળા નં. 3 ખેતીવાડી આણંદના બીનલબેન અને કલ્પનાબેને સેવા આપી હતી. આ પ્રસંગે ફોરમ દ્વારા આરતી સુશોભન બેસ્ટ ડ્રેસ બહેનો- ભાઈઓ, બેસ્ટ એકશન બહેનો- ભાઈઓ અને બેસ્ટ કપલને ઈનામો આપવામાં આવ્યા હતા.

આ નવરાત્રિ મહોત્સવમાં પ્રતિવર્ષની જેમ ઉપસ્થિત ફોરમની તમામ બેનોને નવરાત્રિ નિમિત્તે લ્હાણીની ભેટ ફોરમ દ્વારા આપવામાં આવી હતી.

સ્વાગત પ્રવચન ફોરમના પ્રમુખ કૃષ્ણકાંત જી. શાહે કરી ફોરમના સૌ સભ્યો પર જગત જનનીની અસીમ કૃપા સદૈવ રહે તેવી અંતરની અભ્યર્થના વ્યક્ત કરી હતી. તો ફોરમની ગતિવિધિ સહિત આભારવિધિ મુલ્યનિષ્ઠ મંત્રી પ્રા. ભૂપેન્દ્રભાઈ આર. શાહે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શિક્ષણવિદ ડો. શરદભાઈ કે. પટેલ અને વિપિન પંડ્યાએ કર્યું હતું.

### સિનિયર સિટીઝન્સ ફોરમ , આણંદમાં યોજાયેલ નવરાત્રિ મહોત્સવ-2025માં વિજેતાઓની યાદી

આ પ્રસંગે નિર્ણાયક તરીકે ન.પ્રા.શાળા નં. 3 આણંદના બિનલબેન અને કલ્પનાબેને ભૂમિકા ભજવી હતી.

| સ્પર્ધા | વિજેતા નંબર | વિજેતાનું નામ |
|---|---|---|
| આરતી સુશોભન | 1 | નંબર -2 |
| | 2 | નંબર-5 |
| | 3 | નંબર-1 |
| બેસ્ટ ડ્રેસ (બહેનો) | 1 | ભાવનાબેન પટેલ |
| | 2 | ઈન્દુબેન |
| | 3 | અવંતિકા જનકભાઈ |
| બેસ્ટ ડ્રેસ (ભાઈઓ) | 1 | પ્રભુદાસભાઈ વાઘેલા |
| | 2 | કીરીટભાઈ ગાંધી |
| | 3 | જે.જે. શુકલ/ કૃષ્ણકાન્ત શાહ |
| બેસ્ટ એક્શન (બહેનો) | 1 | ભાવનાબેન |
| | 2 | હીનાબેન |
| | 3 | અનસુયાબેન પટેલ |
| બેસ્ટ એક્શન (ભાઈઓ) | 1 | દલાલ સાહેબ |
| | 2 | દિપકભાઈ શાહ |
| | 3 | સુરેન્દ્રભાઈ તલાટી |
| બેસ્ટ કપલ | 1 | Mr. & Mrs સ્મિતાબેન પંડ્યા |
| | 2 | Mr. & Mrs દમયંતીબેન તલાટી |
| | 3 | Mr. & Mrs જ્યોત્સનાબેન શાહ |

## ઓડ બંધુ સમાજ આણંદ વિદ્યાનગર આયોજીત
## બીફોર નવરાત્રિ ગરબા મહોત્સવ સ્પર્ધા ધમાકેદાર યોજાઈ





ઓડ બંધુ સમાજ આણંદ વિદ્યાનગર આયોજીત બીફોર નવરાત્રિ ગરબા સ્પર્ધાનું આયોજન મહિલા મંડળના પ્રમુખ બિરવાબેન તેમજ માનદ મંત્રી જિજ્ઞાસાબેનના આયોજન હેઠળ કારોબારી બહેનો દ્વારા બીફોર નવરાત્રિ ગરબા સ્પર્ધાનુ સુંદર રીતે 4 વિભાગમાં આયોજન કરી ગરબાના ખેલૈયાઓને માઁ ના ગરબા ઘૂમવા ને આનંદ કરાવવા માટે બાળકોથી લઈ ભાઈઓ બહેનોએ ભાગ લઈ શકે એ રીતે સુંદર આયોજન ઓડ બંધુ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.1 થી 15 વર્ષના બાળકો,પરણિત યુવતીઓ,પરિણીત,અપરિણીત ભાઈઓ બહેનોએ પોતાનું પર્ફોમન્સ રજૂ કર્યું હતું.

નિર્ણાયક તરીકે મનીષા સોલંકી અને સંગીત અરોરાએ પોતાના નિર્ણય અને સૂઝબૂઝથી નિર્ણયકની ભૂમિકા ભજવી હતી.જેમનું કલ્પનાબેન પટેલ તેમજ કેતકીબેન પટેલે સ્વાગત કર્યું હતું.

નિર્ણયકના મત મુજબ વિજેતાઓના નામ જાહેર કર્યા હતા. દરેક વિજેતાઓને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા. ગરબાના અંતે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

## જાગૃતિ મહિલા સમાજ આણંદ ગરબા મહોત્સવ રંગે ચગે ઉજવાયો







જાગૃતિ મહિલા સમાજ આણંદના આધસ્થાપક કુસુમબેન પટેલની પ્રેરણા અને પ્રમુખ ભારતીબેન પટેલ ઉપપ્રમુખ સરોજબેન શાહના માર્ગદર્શન હેઠળ ૨૨.૯.૨૦૨૫ સોમવારના રોજ અમૃત વાડી ખાતે નવરાત્રી મહોત્સવ હોશ અને ઉત્સાહ ભેર ઉજવાયો. આ કાર્યક્રમના નિર્ણાયક તરીકે મીનાક્ષીબેન બ્રહ્મભટ્ટ અને વૈશાલીબેન સોલંકીને સુંદર સેવા આપીને વિજેતા જાહેર કર્યા હતા.

આ કાર્યક્રમમા ૫૫ વર્ષથી ઉપરના બેનોના ગ્રુપમા ૧.તૃષાબેન ઠાકર ૨.બેલાબેન દોશી ૩. લીલાબેન હરીયાણી ૩. જયશ્રીબેન બેલાબેન દોશી ૪ સંગીતાબેન અરોરા ૫ રાધિકાબેન પટેલ વિજેતા બન્યા,ગરબા ક્વીન નિમિષાબેન જાની અને ગરબા ગવડાવા માં ૧. સિમ્તાબેન ભટ્ટ ૨. હેમાદ્રીબેન ત્રિવેદી ૩. હંસાબેન પરમાર વિજેતા જાહેર થયા.

૫૫ વર્ષથી નાની બેનોના ગ્રુપમાં ૧.અનામિકાબેન શાહ ૨.મનીષાબેન પટેલ, ૩.જયશ્રીબેન ભિમાણી ૪. મનીષાબેન મરાઠી ૫. પારુલ અરોરા અને ગરબા ક્વીન રીનાબેન શેઠ વિજેતા જાહેર થયા હતા. લકી ડ્રો છાયાબેન સોની જન્મદિન શુભેચ્છાના સંચાલન સોનલબેન પટેલે કર્યુ હતુ.

આ કાર્યક્રમને સફળ બનાવા એ.બી.જવેલર્સ, સોનલબેન પટેલ, માયાબેન દવે, હેમાંગીબેન જોશી, ગીતાબેન માડંલિયા, લક્ષ્મીબેન ખત્રી, નયનાબેન શાહે સહયોગ આપ્યો હતો. નિમિષાબેન જાની સતત ચાર વર્ષથી તેમના સ્વ માતૃશ્રીના સ્મરણાર્થે લાણી કરે છે. આ વર્ષે દરેક બહેનોને પર્સ અને ચાંદલા લાણી સ્વરુપે વિતરણ કરી હતી. લ્હાણી વિતરણ વ્યવસ્થા મા હર્ષાબેન સુથાર અને દક્ષાબેન પટેલ ના સરાહનીય સહકાર રહ્યો. કાર્યક્રમનો સંચાલન મંત્રી સ્મિતાબેન પંડયા અને સોનલબેને કર્યુ હતુ. કાર્યક્રમના અંતે ધર્મિષ્ઠાબેન પટેલના જન્મ દિવસ નિમિત્તે સેવ ખમણીના નાસ્તાનું રસાસ્વાદ કરી આનંદિત થયા.





## ચિંતન ઝરૂખેથી

# શિક્ષણનો ભૂતકાળ, વર્તમાનકાળ આજ અને ભવિષ્યકાળ

ડાૅ. કાજલ નિર્મલા ભરત રાવ- આણંદ

પ્રાચીન સમયમાં શિક્ષકના ઘરે જઈને વિનંતી કરીને એમની કૃપા દ્રષ્ટિ ઊતરે તો જ્ઞાન મળતું એ જીવનલક્ષી શિક્ષણ હતું.સાંપ્રત સમયમાં જેટલી મોટી રકમની ફી ,જેવી લાગવગ એવું શિક્ષણ મળે અને તો ય એવી સારી જોબ તો મળે કે નહી એ પ્રશ્ન ! આ સમયમાં પણ વિશેષ જ્ઞાન માટે શિક્ષકના ઘરે જવાય છે બસ નામ એનું ટ્યુશન રખાય છે ...! અને આવતી કાલના શિક્ષણ માટે આપણે કંઈ વિચાર્યું ?કેમકે એ સમય વીજળીના ઝબકારે સોય પરોવી લેવાનો હશે જે ગંગા સતી અને પાનબાઈને જ ખ્યાલ આવશે , જો એ માટે સજાગ રહીશું, વિચાર સાથે આયોજન કરીશું તો જ ફાવીશું બાકી તો 'આપ મુએ પીછે ડૂબ ગઈ દુનિયા'.

વર્તમાન સમયમાં અદ્યતન સુવિધા સાથે શિક્ષણ સરળ અને રસપ્રદ જરૂર થયું છે પણ મોટેભાગે કૃષ્ણ દવે યાદ આવે એવું છે ₹સરસ્વતીના કાંઠે બેસી માછલીઓ સૌ પકડે છે₹ ફી વસૂલવા ,એડમિશન વધારવા,ગળાકાપ સ્પર્ધામાં ટકી રહેવા એવાં તો મરણિયા પ્રયાસ કરે છે લોકો કે માનવતા, સ્વયંશિસ્ત, આદર,વાતચીત કરવાની કળા,બીજા સમક્ષ વિનયથી પેશ આવવાની સામાન્ય કળા આ બધું તો ભોંયતળિયે જઈને છુપાય ગયું છે.આજે કોણ શિક્ષક અને કોણ વિદ્યાર્થી ? એ તમે જલ્દી પારખી નથી શકતા કેમકે વર્ગખંડમાં બોલાતી ભાષા, પહેરવેશ અને માહિતી કે જે વહેંચવાની છે એ લગભગ બધું બધા પાસે સરખું જ હોય છે એટલે આવ ભાઈ હરખા આપણે બંને સરખા જેવો ઘાટ.વર્ગખંડોમાં વિદ્યાર્થીઓ પાસે સ્વયમ શિસ્તની અપેક્ષા રાખતા કેટલાક શિક્ષકોને વિદ્યાર્થીઓના પહેરવેશ,અનિયમિતતા , અવિવેકીભાષા અને મોબાઈલ સિવાય બધું જ પછાડતાં ,ફેંકતા વિદ્યાર્થીઓ પર ચીડ ચડે છે પણ એવાં શિક્ષકોનું શું કે જે પોતે વર્ગમાં ડસ્ટર પછાડે છે? વર્ગ પત્યા પછી ડસ્ટર, ચોક અને પુસ્તક ફેંકે છે?ચોક વાળા હાથ શાંતીથી ધોવાને બદલે તાળીઓ પાડીને ,ધાડ મારીને આવ્યા હોય એમ મોટેમોટેથી બોલીને બીજા વર્ગ માટે શાંતિથી વાંચતા શિક્ષકોને ખલેલ પહોચાડે છે? મિત્રો, શું કહો છો? કૂવામાં હોય તો હવાળાંમાં આવે ને? તમે પણ જોયું જ હશે કે કેટલાંક શિક્ષકો પોતે જીન્સ અને ટીશર્ટમાં આવે,પાન મસાલા ખાઈ, નિંદા કૂથલીમાં વ્યસ્ત રહે, માત્ર પોતાની જ વાત કરવા પૂરતાં બીજા શિક્ષક સાથે જોડાય, બીજાનું બૂરું કરવામાં અગ્રેસર રહે, બીજાનું પત્તુ કાપવાની કળામાં મસ્ત શિક્ષકોના ટોળાં ચોતરફ હોય છે જેમનો અંતરઆત્મા મરી પરવાર્યો હોય છે એમને માત્ર ક્યાંથી પૈસા મળે એમાં જ રસ હોય છે અને એવાં શિક્ષકોને બીજા વિશે મનફાવતાં અભિપ્રાય આપવામાં મજા આવતી હોય છે પણ એવા અત્યંત આધુનિક શિક્ષકોને પણ ભગવાન યથા સમયે કર્મોનું ફળ આપતો જ હોય છે. મિત્રો સત્ય છૂપું રહેતું નથી અને સત્યને છાપરે ચડીને કુદવાની જરૂર નથી સત્યને પોતાન વખાણ માટે ભાડૂતી માણસોની જરૂર નહી, સત્યને કોઈના પ્રમાણપત્રની પણ જરૂર નહી. જૂઠને રંગરોગાન ટાપ ટીપ,ટોળાં, સાક્ષીની જરૂર હોય છે.

આવતીકાલનું શિક્ષણ જીવન વિશે,કળા, કૌશલ્ય સાથે વિનય વિવેક શીખવે, બીજા માટે આદર શીખવે,દેશમાં જ કારકિર્દીની ઉજ્જવળ તક ઉભી કરે એવું હશે ,આવતીકાલના શિક્ષકો પણ નિરક્ષીર વિવેક પારખનારા ,જ્ઞાની હશે પણ અભિમાની નહી હોય ,લાલચું નહી હોય અને નીંદકુથલીમાં રસ રાખનારા નહી જ હોય.મને સંપૂર્ણ વિશ્વાસ છે કે ફરી આપણી પ્રાચીન શિક્ષણ પદ્ધતિ વિશ્વ સ્વીકારશે, સમજશે અને એટલું જ નહી પણ એ વગર વિશ્વને ચાલશે નહી એવું ચોક્કસ થશે ! આવતીકાલનું શિક્ષણ વિદ્યાર્થીને રૂપિયા છાપતું મશીન નહી પણ એક ઉત્તમ વૈશ્વિક માનવ બનવામાં મદદ કરે એવું હશે અને એ માટે આપણે તૈયાર છીએ ? સત્યમેવ જયતે !

વંદે માતરમ્

**સિનિયર સિટીઝન્સ ફોરમ, આણંદ**

સ્થાપના વર્ષ : જુલાઈ ૧૯૯૮ લાયન્સ હોલ કમ્પાઉન્ડ, આણંદ-૩૮૮ ૦૦૧. મો. ૬૩૫૨૧૫૫૫૯૪, ટ્રસ્ટ રજી. નં. એફ ૯૬૨/ગુજરાત ૧૦૦૬ આણંદ તા. ૧૬-૦૬-૨૦૦૬

## સૂકો મેવાનું વિતરણ

તારીખ : ૧૮/૧૦/૨૦૨૫ને શનિવારે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન લાયન્સ હોલ - આણંદ ખાતેથી કરવામાં આવશે.

**મંત્રી : ભુપેન્દ્રભાઈ શાહ**



# ડાકોર બંધુ

## નિતીન ખંભોળજા દ્વારા

# સંત વિજયદાસજી સેવાશ્રમ ટ્રસ્ટ ડાકોર દ્વારા સગર્ભા મહિલાઓને પોષ્ટિક આહારની કીટ વિતરણ





સંત વિજયદાસજી સેવાશ્રમ ટ્રસ્ટ ડાકોર દ્વારા સગર્ભા મહિલાઓને પોષ્ટિક આહારની કીટ વિતરણ કરવામાં આવી હતી.જેમાં ઠાસરા તાલુકાના ગામડાઓની મહિલાઓએ લાભ લીધો હતો.પૂજ્ય વિજયદાસજી મહારાજે જણાવ્યું હતું કે દરેક સમૃદ્ધ વ્યક્તિએ સમાજની સેવા કરવી જ જોઈએ.

# લાયન્સ ક્લબ ઓફ ડાકોર પિલગ્રિમની ડિસ્ટ્રિક્ટ ગવર્નરની મુલાકાત ડાકોરમાં યોજાઈ



ડિસ્ટ્રિક્ટ 3232F1 ના ડીજી લા. દીપકભાઈ સુરાના ની મુલાકાત યોજાઈ જેમાં ક્લબની પ્રવૃત્તિઓ, મહત્વના દફતર ચકાસણી કરી અને પ્રાસંગિક ઉદબોધનમાં ક્લબના પ્રમુખશ્રી તથા લાયન્સ સદસ્યોને જુદા જુદા ક્ષેત્રે કરેલી મોટી સંખ્યામાં કરેલી પ્રવૃત્તિઓ બદલ અભિનંદન આપ્યા હતા.ગવર્નરના હસ્તે વિશ્વપ્રસિદ્ધ અમુલ ડેરી ના ડિરેક્ટર તરીકે ચૂંટાયેલા ડાકોરના રાજ્ય સહકારી આગેવાન લા. વિજયભાઈ એફ. પટેલ અને ઠાસરાના ધારાસભ્યશ્રી યોગેન્દ્રસિંહ પરમારનાં પુત્રવધુ પ્રિયાબેન પરમારનું મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

આ મુલાકાત કાર્યક્રમ મા ક્લબના પ્રમુખશ્રી લા. ડૉ. યોગેશ પી. દવે એ સ્વાગત પ્રવચન કર્યું હતું. અને સન્માનનો પ્રતિભાવ આપતાં બંને ડિરેક્ટર શ્રીઓ એ ક્લબનો આભાર વ્યક્ત કરી ખેડૂતો અને પશુપાલકોના હિત માટે સતત કાર્યરત રહેવા તત્પર રહીશું એવું જણાવ્યું હતું.

કાર્યક્રમમાં લાયન્સ ઈન્ટરનેશનલ દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધા ના વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને ઈનામ આપ્યા હતા.અને ડાકોરના રાષ્ટ્રીય વિદ્યાર્થી છાત્રાલય ને લાયન્સ ક્લબ દ્વારાત્રણ સીલિંગ ફેન્સ અર્પણ કરવામાં આવ્યા હતા. ડીસીએસ શ્રી આસિત શાહ ક્લબની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા હતા. ડી. જી. વિઝીટ પૂર્વે ક્લબના ઝેડ. સી. લા. મહેશભાઈ જોશીએ ક્લબની વિઝીટ કરી ક્લબની સુંદર કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા. પ્રવમહેમાનોનો ખૂબ સુંદર પરિચય પ્રો. એન. એચ. તરવાડી એ આપ્યો હતો. ક્લબની પ્રવૃત્તિ અહેવાલ લા. સુનિલ એન. પટેલ અને રાષ્ટ્ર ધ્વજ વંદના લા. જીગ્નેશભાઈ કોઠારીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમ સંચાલન સેક્રેટરી લા. જયદીપસિંહ ડાભી અને આભારદર્શન લા. એ. એફ. મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

**સિનિયર સિટીઝન્સ ફોરમ, આણંદ**

સ્થાપના વર્ષ : જુલાઈ ૧૯૯૮ લાયન્સ હોલ કમ્પાઉન્ડ, આણંદ-૩૮૮ ૦૦૧. મો. ૬૩૫૨૧૫૫૫૯૪, ટ્રસ્ટ રજી. નં. એફ ૯૬૨/ગુજરાત ૧૦૦૬ આણંદ તા. ૧૬-૦૬-૨૦૦૬

## અ.સૌ. રીટાબેન ડોલિયા (ચેન્નાઈ) એવં અ.સૌ. રશમિકાબેન બળવંતરાય દવે જન્મદિન અભિવાદન.

### જન્મદિન અભિવાદન
### તારીખ : ૦૮/૦૯/૨૫ થી ૦૫/૧૦/ ૨૫

| Sr. No | Surname | Name | 2nd Name | Date of Birth |
|---|---|---|---|---|
| 1 | શાહ | હંસાબેન | સુરેશચંદ્ર | 8/9/1950 |
| 2 | પંચાલ | ઇલાબેન | સુમનભાઈ | 9/9/1965 |
| 3 | પટેલ | કનુભાઈ | હરિભાઈ | 10/9/1944 |
| 4 | પટેલ | કાલિન્દીબેન | નવીનભાઈ | 10/9/1947 |
| 5 | પટેલ | વિનુભાઈ | પરસોત્તમભાઈ | 11/9/1933 |
| 6 | શુક્લ | વિધાબેન | વિષ્ણુ પ્રસાદ | 11/9/1941 |
| 7 | ખત્રી | કલ્યાણકુમાર | ખેમચંદ | 11/9/1953 |
| 8 | શાહ | ભદ્રેશકુમાર | કૃષ્ણકાંત | 11/9/1959 |
| 9 | કામદાર | જ્યોતિબેન | ઉપેન્દ્રભાઈ | 12/9/1952 |
| 10 | પટેલ | અરવિંદભાઈ | રણછોડભાઈ | 12/9/1951 |
| 11 | શાહ | યશવંતકુમાર | ચીમનલાલ | 13/9/1945 |
| 12 | શેઠ | ઇન્દુબેન | ઠાકોરભાઈ | 13/9/1949 |
| 13 | શાહ | સ્મિતાબેન | હરેશભાઈ | 14/9/1959 |
| 14 | પટેલ | સરોજબેન | છગનભાઈ | 15/9/1939 |
| 15 | શાહ | કોકીલાબેન | કનૈયાલાલ | 15/9/1947 |
| 16 | પ્રજાપતિ | ગોરધનભાઈ | હેમરાજભાઈ | 15/9/1947 |
| 17 | શાહ | ઇલાબેન | પ્રવીણ કુમાર | 15/9/1954 |
| 18 | પટેલ | અનસુયાબેન | શશીકાંત | 15/9/1955 |
| 19 | શુક્લ | સુશીલાબેન | પિનાકીનભાઈ | 16/9/1940 |
| 20 | ઠાકર | નયન કાંતાબેન | મુકુંદપ્રસાદ | 16/9/1942 |
| 21 | શાહ | કોકીલાબેન | વસંતકુમાર | 16/9/1950 |
| 22 | શાહ | પારુલ બેન | જયેશકુમાર | 16/9/1963 |
| 23 | પટેલ | શંકરલાલ | મોતીભાઈ | 17/9/1946 |
| 24 | પંડ્યા | સ્મિતાબેન | વિપિન ચંદ્ર | 18/9/1948 |
| 25 | પટેલ | પુનઃ રીક્ષાબેન | અશોકભાઈ | 18/9/1955 |
| 26 | શર્મા | રમણભાઈ | હરમાનભાઈ | 19/9/1934 |
| 27 | શાહ | જ્યોત્સનાબેન | પ્રવીણ કુમાર | 20/9/1951 |
| 28 | પંડ્યા | દક્ષાબેન | મહેશભાઈ | 20/9/1956 |
| 29 | શાહ | અનસુયાબેન | મહેન્દ્રકુમાર | 21/9/1942 |
| 30 | ભાવસાર | હીનાબેન | ગોવિંદકુમાર | 21/9/1965 |
| 31 | શાહ | દીપકભાઈ | મોતીલાલ | 23/9/1944 |
| 32 | પટેલ | હંસાબેન | નવીનભાઈ | 23/9/1947 |
| 33 | શેઠ | અર્પિતાબેન | અજીતકુમાર | 24/9/1964 |
| 34 | સોલંકી | હર્ષદરાય | વિઠ્ઠલદાસ | 25/9/1951 |
| 35 | મિસ્ત્રી | મીનાબેન | નગીનભાઈ | 29/9/1948 |
| 36 | પંડ્યા | કલ્પનાબેન | ગોપાલભાઈ | 30/9/1960 |
| 37 | બાટલીયા | જશવંતરાય | ગુલાબચંદ | 1/10/1941 |
| 38 | પટેલ | રમણભાઈ | આશાભાઈ | 1/10/1943 |
| 39 | શાહ | ઉષાબેન | ગિરીશચંદ્ર | 1/10/1950 |
| 40 | પટેલ | પુષ્પાબેન | સુરેશભાઈ | 2/10/1951 |
| 41 | ગર્ગ | મીનાબેન | યોગેન્દ્રભાઈ | 2/10/1948 |
| 42 | શાહ | શિલ્પાબેન | ભરતભાઈ | 2/10/1967 |
| 43 | પરીખ | રોહિતકુમાર | હસમુખલાલ | 4/10/1947 |
| 44 | પટેલ | ગીતાબેન | મુકેશભાઈ | 4/10/1959 |
| 45 | પટેલ | ભુપેન્દ્રભાઈ | મગનભાઈ | 5/10/1935 |

**કન્વીનર : જનાર્દન શુકલ - 94273 16160**

**સહ કન્વીનર : રમીલાબેન મહેતા**

# સીવીએમ યુનિવર્સિટી દ્વારા વિશ્વ ફાર્માસિસ્ટ દિવસની ઉજવણી કરાઈ





ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી, ચારુતર વિદ્યામંડળ (CVM) યુનિવર્સિટીએ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ નવા વલ્લભ વિદ્યાનગર સ્થિત કોલેજ પરિસરમાં વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ ઉજવ્યો. આ કાર્યક્રમ ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ દ્વારા તથા ઈન્ડિયન ફાર્માસિસ્ટ એસોસિયેશન, આણંદ ચેપ્ટરની સહભાગીતામાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉજવણીનું આરંભ ૧૧:૦૦ કલાકે “થિંક હેલ્થ, થિંક ફાર્માસિસ્ટ” થીમ હેઠળ ઉત્સાહપૂર્વક થયો. કાર્યક્રમનો ઉદ્દેશ ફાર્માસિસ્ટની આરોગ્યસેવાનું મહત્વ ઉજાગર કરવાનો હતો તેમજ સમાજહિતમાં તેમની ભૂમિકા દર્શાવવાનો હતો.

આ સંદર્ભમાં અનેક કાર્યક્રમો યોજાયા હતા, જેમકેઃડ્રગ એડિક્શન અને ડ્રગ દુરુપયોગ મુદ્દે નાટિકા રજૂ કરી, જેનાથી વ્યસનના આરોગ્ય અને સામાજિક પડઘા અંગે જાગૃતિ ફેલાઈ.વકૃત્વ સ્પર્ધા જેમાં વિદ્યાર્થીઓએ ફાર્માસિસ્ટની આરોગ્યસેવામાંની ભૂમિકા અંગે પોતાના અભિપ્રાયો વ્યક્ત કર્યા.

આણંદ ખાતે ના વિવિધ ક્ષેત્ર ના વરિષ્ઠ ફાર્માસિસ્ટનો સન્માન કાર્યક્રમ કરવામાં આવ્યો અને તેમને સન્માનપત્ર અને શાલ ઓઢાડી અને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું .ફાર્માસિસ્ટ શપથ કાર્યક્રમ યોજાયો જ્યાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી અકૌશલ વ્યાવસાયિક આદર્શો, દર્દી સલામતી અને ફાર્મસી જ્ઞાનના આવિહાર માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

આ કાર્યક્રમ અંતે વિદ્યાર્થીઓમાં સારો ઉત્સાહ સર્જાયો કે તેઓ વ્યાવસાયિક મૂલ્યો જાળવી રાખે અને સમાજના કલ્યાણ માટે પ્રતિબદ્ધ રહે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન મિસ સ્વાતી કે. કુર્તકોટી ડૉ. ઉસ્માનગાની કે. છાલોટીયા અને તેમની ટીમે, તથા ડૉ. ડિમલ એ. શાહ, પ્રિન્સીપલ, ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસીના માર્ગદર્શન હેઠળ કરવમા આવ્યું હતું. આ પ્રસંગે આઈ. પી. એ આણંદ ના પ્રેસિડેન્ટ પ્રકાશ આહુજા , ડ્રગ ઈન્સ્પેકટર શ્રી જીગ્નેશ ગાવીત તથા કેમિસ્ટ એસોશીએશન ના જોન સેક્રેટરી અજયદીપ દવે ખાસ હાજર રહ્યા હતાં.



ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ આદરણીયા શ્રી શીશપાલજી રાજપૂત અને દક્ષિણ ક્ષેત્રના યોગ સંયોજક શ્રી મૌલિકભાઈ બારોટ ના માર્ગદર્શન અને વટવા યોગ શ્રી કોમલબેન નિરંજનભાઈ પટેલ ના નેત્રૃત્વ હેઠળ વટવા ગુરુકૃપા યોગકેન્દ્ર, ગાયત્રી તપોવન ઉદ્યાન ખાતે કોમલબેન ના 6 ઠ્ઠી ટ્રેનર બેચ ના યોગ ટ્રેનર્સ સૌમિલભાઈ ક્રિશ્ચિયન, શકુંતલાબેન શર્મા, પ્રદીપભાઈ રાજપૂત અને સોનાલીબેન પોદ્દાર ને આદરણીયા શ્રી મૌલિકભાઈ બારોટ અને શ્રી કોમલબેન નિરંજનભાઈ પટેલ ના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામા આવ્યુ હતુ. ગુરુકૃપા યોગકેન્દ્ર વટવા ના સર્વ ભાઈબહેનો એ સર્વ ને અભિનંદન પાઠવ્યા હતા.

**સિનિયર સિટીઝન્સ ફોરમ, આણંદ**

સ્થાપના વર્ષ : જુલાઈ ૧૯૯૮ લાયન્સ હોલ કમ્પાઉન્ડ, આણંદ-૩૮૮ ૦૦૧. મો. ૬૩૫૨૧૫૫૫૯૪, ટ્રસ્ટ રજી. નં. એફ ૯૬૨/ગુજરાત ૧૦૦૬ આણંદ તા. ૧૬-૦૬-૨૦૦૬

## નવરાત્રી મહોત્સવ ભેટ

| | | |
|---|---|---|
| ૧. | એમ. આઈ. પટેલ | રૂા. ૧૧૦૦૦/- |
| ૨. | હર્ષદભાઈ નટવરલાલ સોની | રૂા. ૧૦૦૦૦/- |
| ૩. | કૃષ્ણકાંત જી. શાહ - પ્રમુખ | રૂ. ૫૦૦૦/- |
| ૪. | ડો. શરદભાઈ કે. પટેલ | રૂા. ૫૦૦૦/- |
| ૫. | જશુબેન વિઠ્ઠલભાઈ પટેલ | રૂા. ૫૦૦૦/- |
| ૬. | હંસાબેન એ. ધ્રુવ | રૂા. ૫૦૦૦/- |
| ૭. | સૂર્યકાંતભાઈ પટેલ સારસા | રૂા. ૫૦૦૦/- |
| ૮. | તુષારભાઈ નટવરલાલ શાહ | રૂા. ૫૦૦૦/- |
| ૯. | ભૂપેન્દ્રભાઈ આર. શાહ | રૂા. ૨૦૦૦/- |
| ૧૦. | દિપકભાઈ કે. શાહ ઉપપ્રમુખ | રૂા. ૨૦૦૦/- |
| ૧૧. | વિનુભાઈ સી. પટેલ | રૂા. ૨૦૦૦/- |
| ૧૨. | નરેન્દ્રભાઈ યુ. પટેલ | રૂા. ૨૦૦૦/- |
| ૧૩. | જનાર્દન શુકલા | રૂા. ૨૦૦૦/- |
| ૧૪. | દિનાબેન ભારવીચા | રૂા. ૨૦૦૦/- |
| ૧૫. | અલકાબેન મુજુમદાર | રૂા. ૨૦૦૦/- |
| ૧૬. | ડો. નરેન્દ્રભાઈ પંડ્યા | રૂા. ૨૦૦૦/- |
| ૧૭. | પરેશભાઈ વૈદ્ય | રૂા. ૨૦૦૦/- |
| ૧૮. | જયંતિભાઈ આર. શાહ (પેટ્રોલ પંપવાળા) | રૂા. ૨૦૦૦/- |
| ૧૯. | ડો. રેખાબેન | રૂા. ૨૦૦૦/- |
| ૨૦. | રમીલાબેન કે. મહેતા | રૂા. ૨૦૦૦/- |
| ૨૧. | ડો. મિનાક્ષીબેન શેલત | રૂા. ૨૦૦૦/- |
| ૨૨. | ગોરધનભાઈ પ્રજાપતિ ખમણવાળા | રૂા. ૨૦૦૦/- |
| ૨૩. | ગીતાબેન નિરમનભાઈ શાહ | રૂા. ૨૦૦૦/- |
| ૨૪. | બકુલાબેન રમેશભાઈ ત્રિવેદી | રૂા. ૧૦૦૦/- |
| ૨૫. | ભાવનાવેત ડી પટેલ | રૂા. ૧૦૦૦/- |
| ૨૬. | મિનાક્ષીબેન નરેન્દ્રભાઈ શાહ | રૂા. ૧૦૦૦/- |
| ૨૭. | જશવંતભાઈ એ. રાઠોડ | રૂા. ૧૧૦૦/- |
| ૨૮. | ડો. ભરતભાઈ ગજજર | રૂા. ૧૦૦૦/- |
| ૨૯. | મીનાબેન ગર્ગ | રૂા. ૧૦૦૦/- |
| ૩૦. | પ્રભુદાસ વાઘેલા | રૂા. ૧૦૦૦/- |
| ૩૧. | વિપીનભાઈ પંડ્યા | રૂા. ૧૦૦૦/- |
| ૩૨. | જયેશભાઈ જોષી | રૂા. ૧૦૦૦/- |
| ૩૩. | ભોળાનાથ જોષી | રૂા.૧૦૦૦/- |
| ૩૪. | શિલ્પાબેન ભરતભાઈ શાહ | રૂા. ૧૦૦૦/- |
| ૩૫. | બાબુભાઈ પ્રજાપતિ | રૂા. ૧૦૦૦/- |
| ૩૬. | આર. એમ. શાહ | રૂા. ૧૦૦૦/- |
| ૩૭. | ઉમેશભાઈ શેલત | રૂા. ૧૦૦૦/- |
| ૩૮. | લલીતભાઈ જોષા | રૂા. ૧૦૦૦/- |
| ૩૯. | દેવ્યાનીબેન પંડ્યા | રૂા. ૧૦૦૦/- |
| ૪૦. | દિલીપભાઈ ઝાંબરે | રૂા. ૧૦૦૦/- |
| ૪૧. | પ્રવિણાબેન કાછીઆ | રૂા. ૧૦૦૦/- |
| ૪૨. | કોકીલાબેન મ. શાહ | રૂા. ૧૦૦૦/- |
| ૪૩. | દક્ષાબેન કિરીટભાઈ ગાંધી | રૂા. ૧૦૦૦/- |
| ૪૪. | ડો. નૂતન ઝા | રૂા. ૧૦૦૦/- |
| ૪૫. | મહેન્દ્રભાઈ ડી. પટેલ | રૂા. ૧૦૦૦/- |
| ૪૬ | ઉર્મિલાબેન રમેશભાઈ પટેલ | રૂા. ૧૦૦૦/- |
| ૪૭. | મહેશભાઈ એચ. જોષી | રૂા. ૧૦૦૦/- |
| ૪૮. | દમયંતિબેન સુરેન્દ્રભાઈ તલાટી | રૂા. ૧૦૦૦/- |
| ૪૯. | પારૂલબેન જયેશભાઈ શાહ | રૂા. ૧૦૦૦/- |
| ૫૦. | ધીરજલાલ મફતભાઈ સોની | રૂા. ૧૦૦૦/- |
| ૫૧. | રઘુનંદન પંડ્યા | રૂા. ૧૦૦૦/- |
| ૫૨. | દિલીપકુમાર બી. વ્યાસ | રૂા. ૫૦૦/- |
| ૫૩. | નિર્મલબેન એચ. શાહ | રૂા. ૫૦૦/- |
| ૫૪ . | નિરીશભાઈ પૂનમભાઈ પટેલ | રૂા. ૫૦૦/- |
| ૫૫. | શારદાબેન બી. બીલખીયા | રૂા. ૩૦૦/- |

**નરેન્દ્રભાઈ યુ. પટેલ - ખજાનચી**

### આણંદની નરેન્દ્ર મોદી વિચાર મંચની મહિલા શાખા દ્વારા

# નરેન્દ્રભાઈ મોદીની જન્મ જયંતિ નિમિત્તે આંગણવાડીના ભૂલકાઓને પૌષ્ટિક સુખડી, ફ્રૂટ, કેક આપી ઉજવણી કરાઈ




ભારતના યશસ્વિ અને યુગપુરૂષ વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદીની 75મી જન્મ જયંતિ પ્રસંગે દેશભરમાં અને ગુજરાત ભરમાં બ્લડ ડોનેશન તેમજ સેવાના અનેક કાર્યક્રમો યોજાયા.

જેમાં, ૫૫૦૦૦ હજારથી પણ વધારે યુનિટ બ્લડ એકત્ર કરાયું ત્યારે આણંદની નરેન્દ્ર મોદી વિચાર મંચની મહિલા શાખા દ્વારા નરેન્દ્ર મોદી વિચાર મંચના પ્રદેશમંત્રી અલ્પાબેન મહેતા અને આણંદ શાખાના પ્રમુખ ખુશ્બુબેન સંઘવી ની અધ્યક્ષતામાં આણંદની શીખોડ તળાવ વિસ્તારની આંગણવાડીના ભૂલકાઓને પૌષ્ટિક સુખડી અને ફ્રુટ આપી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેક કટિંગ કરીને બાળકોની હાજરીમાં નરેન્દ્ર મોદીના જન્મદિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નરેન્દ્રમોદી મહિલા વિચાર મંચ ની મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સંસ્થા દ્વારા નરેન્દ્ર મોદીના વિચારોને લોકો સુધી પહોંચાડવા પ્રદેશમંત્રી અલ્પાબેન મહેતા અને આણંદ શાખાના ખુશ્બુબેન સંઘવી માર્ગદર્શન હેઠળ લોકસેવાના કાર્યો કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા અગાઉ ગર્ભસ્થ મહિલાઓને ફ્રુટ નું નિઃશુલ્ક વિતરણ તેમજ ઝુંપડપટ્ટી વિસ્તારના બાળકોને શૈક્ષણિક કીટ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# આણંદની ઝાયડસ હોસ્પિટલ ખાતે એડવાન્સ્ડ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનો પ્રારંભ




આણંદ શહેરની ઝાયડસ હોસ્પિટલ ખાતે છેલ્લા એક દાયકાથી સમાજના દરેક સમુદાયના આરોગ્ય માટે નવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી દરેક દર્દીને વિશ્વ કક્ષાની સારવાર આપવામાં આવી રહી છે. જે અંતર્ગત હવે એડવાન્સ્ડ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીની શરૂઆત કરવામાં આવી છે.

ચરોતરમાં પ્રથમ વખત એડવાન્સ્ડ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીની શરૂઆત ઝાયડસમાં થઈ છે. જેમાં ઘૂંટણ પ્રત્યારોપણ, પાર્શિયલ ઘૂંટણ પ્રત્યારોપણ, થાપા પ્રત્યારોપણ વગેરે જેવા સાંધાના ઓપરેશન થાય છે. ડો. વેંકટ બેનરજી અને ડો. વિલ્કેશ પટેલ તેમજ ઉચ્ચ તાલીમ ધરાવતા નર્સીંગ સ્ટાફ આ પ્રકારના ઓપરેશન કરાવવા માટે સક્ષમ છે. આ અંગે નિષ્ણાંતોના જણાવ્યા મુજબ, આ રોબોટિક જોઈન્ટ રિપ્લાસમેન્ટ સર્જરીના દર્દીને ચોક્કસ પણે થતાં ફાયદા જેવા કે લોહીનો ઓછો બગાડ, ઝડપી રીકવરી, સાંધાના આયુષ્યમાં વધારો, ઓપરેશનના જ દિવસથી ચાલી શકાય, દાદરા ચઢી ઉતરી શકાય, પલાઠી વાળી શકાય, બંને ઘૂંટણના ઓપરેશન એક સાથે વધુ સારી રીતે કરી શકાય છે. ખાસ કરીને ઓપરેશન બાદ ડ્રેસીંગની જરૂર પડતી નથી.

# ચારુસેટ હોસ્પિટલમાં ડો. અરુણ ડાહ્યાભાઈ પટેલ એન્ડ ડો. અંજના અરુણ પટેલ (ચાંગા/ USA) સીટી સ્કેન સેન્ટરનું લોકાર્પણ

### ચારુસેટમાં રૂા. 3 કરોડના USAસ્થિત દાતા ડો. અરૂણ પટેલ અને ડો અંજના પટેલને દાનભાસ્કર એવોર્ડ







ચારુસેટ હોસ્પિટલ માટે રૂપિયા 3 કરોડથી વધુ રકમનું માતબર દાન આપનાર મૂળ ચાંગાના વતની અને હાલમાં USA સ્થિત વિખ્યાત ઈન્ટર્નીસ્ટ અને દાતા ડો. અરુણભાઈ ડાહ્યાભાઈ પટેલ અને ડેન્ટીસ્ટ ડો. અંજના અરુણભાઈ પટેલ (ચાંગા/ USA)ને 22 સપ્ટેમ્બર સોમવારે દાનભાસ્કર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચારુસેટ હોસ્પિટલમાં દીપ પ્રાગટ્ય અને રીબીન કટિંગ સાથે 'ડો. અરુણ ડાહ્યાભાઈ પટેલ એન્ડ ડો. અંજના અરુણ પટેલ (ચાંગા/ USA) સીટી સ્કેન સેન્ટર' નું લોકાર્પણ ઉપરાંત તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. દર્દીઓના હાર્ટડીસીસના વેળાસર નિદાન માટે ભારતમાં સૌપ્રથમ ચારુસેટ હોસ્પિટલમાં અદ્યતન કાર્ડિયાક સીટી સ્કેનર સિસ્ટમની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

સમારંભના અધ્યક્ષસ્થાને કેળવણી મંડળ-ચારુસેટના પ્રમુખ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, માતૃસંસ્થાના પ્રમુખ શ્રી કિરણભાઈ પટેલ, સોજીત્રાના ધારાસભ્ય અને CHRFના પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, માતૃસંસ્થા-કેળવણીમંડળ-CHRFના મંત્રી ડો. એમ. સી. પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી સી. એ. પટેલ, કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી વીરેન્દ્રભાઈ પટેલ, કેળવણી મંડળના સહમંત્રી શ્રીમતી મધુબેન પટેલ, કેળવણી મંડળના સહમંત્રી શ્રી ગીરીશભાઈ બી. પટેલ, કેળવણી મંડળના ખજાનચી શ્રી ગીરીશભાઈ સી. પટેલ, પ્રિ. શ્રી આર. વી. પટેલ, ચારૂસેટ યુનિવર્સીટીના પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ, દાતા પરિવારના સ્વજનો, માતૃસંસ્થા- કેળવણી મંડળ- ચારુસેટ -CHRFના પદાધિકારીઓ, હોદેદારો, અનુપમ મિશનના શ્રી રતિકાકા અને સંતો, શ્રી વિપુલ પટેલ (અમૂલ ડેરી), ડી. સી. પટેલ અને મેહુલ પટેલ (સંકેત સેલ્સ), ગોરજ મુની સેવા આશ્રમના હેમંત પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે માતૃસંસ્થા, કેળવણી મંડળ અને CHRFની સહિયારી સમાજયાત્રા, સહિયારી શિક્ષણયાત્રા અને સહિયારી સ્વાસ્થ્યયાત્રામાં અત્યાર સુધીમાં 2000 થી વધુ દેશવિદેશના દાતાઓના સહયોગથી રૂ. 200 કરોડ ઉપરાંતનું ફંડ પ્રાપ્ત થયું છે. જેમાં રૂ. 1 કરોડ અને તેથી વધુ રકમનું દાન આપનારા 53 વિશિષ્ટ દાતાઓ સમાવિષ્ટ છે. જેઓને કેળવણી મંડળની પરંપરા મુજબ 'દાનભાસ્કર' એવોર્ડ અને સન્માનપુષ્પથી નવાજવામાં આવે છે. આ 37મો 'દાનભાસ્કર' એવોર્ડ છે.

ચારુસેટ હોસ્પિટલમાં સીટી સ્કેન સેન્ટર માટે ડો. અરુણભાઈ ડાહ્યાભાઈ પટેલ અને ડેન્ટીસ્ટ ડો. અંજના અરુણભાઈ પટેલ) તરફથી રૂ. 3.15 કરોડનું માતબર દાન પ્રાપ્ત થયું છે. 1989માં ડૉ. અરુણભાઈ યુએસએ ગયા. ફુલર્ટન કેલિફોર્નિયામાં છેલ્લા 34 વર્ષથી ડૉ. અરુણભાઈ ખાનગી પ્રેક્ટિસ કરે છે. ડો અંજનાબેન પટેલ કેલિફોર્નિયાના ફુલર્ટનમાં ડેન્ટિસ્ટ છે અને ડેન્ટિસ્ટ્રીની પ્રેક્ટિસ કરે છે. છેલ્લા 22 વર્ષથી ડૉ. અરુણભાઈની પ્રેક્ટિસની ઓફિસમાં સીટી સ્કેન મશીન છે. તેઓએ હૃદયની ધમનીઓમાં કેલ્શિયમ સ્કોર કરીને, તેમાં રહેલા બ્લોકેજને વહેલા શોધીને, અને દર્દીઓની વહેલી સારવાર કરીને 4500 થી વધુ લોકોના જીવ બચાવ્યા છે. શ્રી સુરેન્દ્રભાઈ પટેલ અને ડો. એમ. સી. પટેલ હસ્તે દાતા ડો. અરુણભાઈ-ડો. અંજનાબેનને શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું અને સન્માનપુષ્પ અર્પણ કરાયું હતું . ત્યાર બાદ દાનભાસ્કર એવોર્ડ અર્પણ થયો હતો. 27 વર્ષથી સમાજસેવા કરી રહેલા માતૃસંસ્થાના પ્રમુખ શ્રી કિરણભાઈ પટેલે જણાવ્યું હતું કે દાતા દંપતી દ્વારા હોસ્પિટલમાં લોકાર્પણ થયેલ આ સીટી સ્કેન મશીન ભારતમાં પ્રથમ છે જેનો લાભ દર્દીઓને વેળાસર નિદાન કરવા માટે મળશે. આ મશીન હાર્ટ એટેક ના આવે તે માટે અગાઉથી નિદાન કરશે જેથી દર્દીઓને સેવાનો લાભ મળશે. CHRFના પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલે જણાવ્યું હતું કે હોસ્પિટલમાં અત્યાધુનિક સુવિધા શરુ કરવા બદલ દાતા દંપતીનો સમાજ વતી આભાર વ્યક્ત કરું છું. તેમણે સીટી સ્કેન કરાવવા માટે પણ ભાવમાં રાહત દરે સારવાર આપવાની ઉદાર ભાવના દર્શાવી છે. ગુજરાતમાં સામાજિક-શિક્ષણ-આરોગ્ય એમ ત્રણેય ક્ષેત્રે આપણો સમાજ કામ કરે છે તે ગૌરવની બાબત છે. આણંદ અને ખેડા જીલ્લાના દરદીઓ ચારુસેટ હોસ્પિટલમાં સારવાર માટે આવે અને આધુનિક સુવિધાઓનો લાભ લે તેવો અનુરોધ છે. ભવિષ્યમાં ચારુસેટ હોસ્પિટલને બ્રાન્ડ બનાવવી છે અને તે દિશામાં દાતાઓના સાથ સહકારથી આગળ વધી રહ્યા છીએ.

દાતા ડો. અરૂણભાઈએ જણાવ્યું હતું કે આ એવોર્ડ સન્માન અમારા માટે ગૌરવ છે. વેળાસર નિદાન કરવાથી રોગથી બચી શકાય છે તે ધ્યાનમાં રાખી હોસ્પીટલમાં આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. વર્લ્ડમાં સૌથી વધુ હાર્ટ એટેકના દર્દીઓ ભારતમાં છે અને એટેક ના આવે તે માટે પ્રકારની એડવાન્સ ડાયગ્નોસ્ટીક કેરથી જીવન બચાવી શકાય છે. જરૂરિયાતમંદ દર્દીઓને રાહત દરે આ સુવિધાનો લાભ મળશે. ડો. અરુણ પટેલે ભવિષ્યમાં અહી સેન્ટર ઓફ એક્સેલન્સ બનાવી એન્જીયોગ્રામ-એન્જીયોપ્લાસ્ટી તેમજ બાયપાસ સેન્ટર પણ બનાવી શકાય તેવો વિચાર રજૂ કર્યો હતો. દાતા ડો. અંજનાબેને જણાવ્યું હતું કે આ એવોર્ડ બદલ અમે આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યા છીએ. અગાઉથી નિદાન કરવાથી દર્દીઓને હાર્ટ ડીસીસથી બચાવી શકાય છે તે હેતુથી આ સુવિધા શરુ થઈ છે. મારા પરિવારમાંથી ઘણા બધા મેડીકલ ક્ષેત્રે ડોકટરો છે તેઓને પણ ભવિષ્યમાં અહી ચેરીટી કરવા માટે પ્રેરણા આપીશ. આ પ્રસંગે માતૃસંસ્થાના ટ્રસ્ટી પ્રિ. શ્રી આર. વી. પટેલ દ્વારા સંપાદિત, દાન ભાસ્કર એવોર્ડ પ્રાપ્ત કરનારા દાતાઓની પ્રેરણાદાયક ગાથા રજૂ કરતા પુસ્તક 'ચારુસેટ સંહિતા'નું લોકાર્પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

કેળવણી મંડળ-ચારુસેટના પ્રમુખ શ્રી સુરેન્દ્રભાઈ પટેલે કહ્યું કે નવરાત્રીના પાવન પર્વે હોસ્પીટલમાં નવલું નજરાણું ઉપલબ્ધ થયું છે. આ લેટેસ્ટ સીટી સ્કેન મશીન ભારતમાં સૌપ્રથમ છે. હાર્ટ એટેકના સવાલ ઉભા થાય ત્યારે અગાઉથી હાર્ટ ડીસીસની ખબર પડે તે માટે આ મશીન દ્વારા વેળાસર નિદાનથી જીવન બચી શકે તે હેતુથી આ મશીન દાન આપ્યું છે. 25 વર્ષની ગૌરવવંતી યાત્રામાં દેશવિદેશના દાતાઓના સહકારથી અમે પ્રગતિ કરી રહ્યા છીએ. તેઓએ દાતા દંપતીને ચારુસેટ સાથે હમેશા જોડાયેલા રહેવા અને હોસ્પીટલને માર્ગદર્શન આપતા રહેવા અનુરોધ કર્યો હતો. અંતમાં કેળવણી મંડળના સહમંત્રી શ્રીમતી મધુબેન પટેલે આભારવિધિ કરી હતી.


## અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ - આણંદ

### મીઠાઈ - ફરસાણ નોંધણી

અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ - આણંદના ઉપક્રમે દિપોસ્વી તહેવાર પ્રસંગે મીઠાઇ - ફરસાણ નોંઘણી તારીખ : ૨૬/૦૯/૨૦૨૫ને શુક્રવારના રોજ સાંજે ૫: ૦૦ થી ૬ - ૦૦ કલાક દરમ્યાન નોંધણી કરવામાં આવશે . પરિવારદીઠ એક જ નોંધણી થશે.

તાઃ ૨૬/૦૯/૨૦૨૫ , શુક્રવાર, સ્થળ : લાયન્સ હોલ-આણંદ,સમય : સાંજે ૫ : ૦૦ થી ૬ :૦૦

નોંધઃ

૧. સભ્યોએ અમુલ્ય કાર્ડ - ઓળખપત્ર ફરજીયાત લાવવાનું રહેશે.

૨. રૂ. ૪૦૦ / - રોકડા આપી પાવતી મેળવવા વિનંતી

૩. મીઠાઈ - ફરસાણ વિતરણ તાઃ ૧૭ / ૧૦/ ૨૦૨૫ , શુક્રવાર, સમયઃ સવારે ૧૦ : ૦૦ થી ૧૨ : ૦૦, સ્થળઃ લાયન્સ હોલ - આણંદ

**નરેન્દ્રકુમાર હ. શાહ, મંત્રી**


# સિનિયર સિટીઝન ફોરમ (ડીએન)ના સદસ્યોએ નર્મદા તટે આવેલ ધાર્મિક સ્થળોનો પ્રવાસ કર્યો



ચરોતર એજ્યુકેશન સોસાયટી આણંદ ના મંત્રી શ્રી કેતનભાઈ પટેલના સહયોગથી સિનિયર સિટીઝન ફોરમ (ડી.એન) નો 18 સપ્ટેમ્બર ગુરુવારના રોજ નર્મદા તટ પર આવેલ ધાર્મિક સ્થળોનો એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામા આવ્યું હતું.

ગુરુવારે સિનિયર સિટીઝન ફોરમના સદસ્યો સાથે પ્રવાસી બસ રવાના થઈ ત્યારે ફોરમના પ્રમુખ શ્રી મહેશભાઈ પટેલે પ્રવાસ દરમ્યાન ધ્યાન રાખવાના સુચનો કર્યા હતા.

સૌ સદસ્યોએ પોર બળિયાદેવ મંદિર,વરણામા ખાતે શ્રીમંધર સ્વામી નું જૈન ત્રિદેવ મંદિર, ઢાઢર નદીના કાંઠે આવેલ પૌરાણિક બર્બરીક મંદિર અને કાયાવરોહણ ખાતેના શ્રી લકુલીશ ભગવાનના દર્શન કર્યા હતા.

બપોરે નારેશ્વર પહોંચી મા રેવા (નર્મદા નદી) ના દર્શન બાદ રંગ અવધૂત આશ્રમ ની મુલાકાત લઈ ભોજન ગ્રહણ કર્યુ હતું.

સાંજના રાજપીપળા પાસે પોઇચા ખાતે આવેલ ભગવાન નીલકંઠ ધામની મુલાકાત લીધી હતી. અહીં સૌ સદસ્યો એ આરતી દર્શનનો લાભ લીધો હતો. અને રજનીભાઈ એ ગ્રુપ માટે ફોટોગ્રાફી કરી હતી.

રાત્રિ ભોજન કરી રાતના આણંદ પરત ફર્યા હતા.

પ્રવાસના આયોજનને સફળ બનાવવા પ્રમુખ શ્રી મહેશભાઈ,મંત્રી જી એન ભાવસાર અને કારોબારી સદસ્યો બાબુભાઇ પ્રજાપતિ, હરીશ ભટ્ટ અને હેમંતભાઈ પુરોહિતે જહેમત ઉઠાવી હતી. આમ શ્રાદ્ધ પર્વ દરમિયાન એક દિવસનો ધાર્મિક સ્થળોનો પ્રવાસ કરી સિનિયર સિટીઝન સદસ્યો ધન્યતા અનુભવી હતી.

## આણંદ તાલુકા નિવૃત્ત પ્રા . શિક્ષણ સંઘની કારોબારીની મીટીંગ મળી





તાજેતરમાં આણંદ તાલુકા નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘ આણંદ ની તાલુકા કારોબારી ની મિટિંગ જિલ્લા શિક્ષણાધિકારી આણંદ ના ઇ આઈ માન. શ્રી. તેજેન્દ્રસિંહ એસ સોલંકી સાહેબ ના પ્રમુખ સ્થાને આણંદ મ્યુનિસિપાલિટી શાળા નં. 6 માં મળી. જેમાં પ્રમુખ અરવિંદભાઈ એફ પ્રજાપતિ ની ગુજરાત રાજ્ય પેન્શન ફેડરેશન સખાવતી મંડળ માં આણંદ જિલ્લાના ટ્રસ્ટી તરીકે સર્વાનુમતે મતે વરણી થતા તેમનું સન્માન બુકે શાલ ઓઢાડીને કરવામાં આવ્યું. આ સાથે માન. શ્રી. તેજેન્દ્રસિંહ એસ સોલંકી સાહેબ એ પીએચ. ડી. ની ડિગ્રી પ્રાપ્ત કરતા તેમનું સન્માન બુકે શાલ ઓઢાડીને કરવામાં આવ્યું. તમામ કારોબારી સભ્યો તરફ થી અભિનંદન પાઠવવામાં આવ્યા. આભાર સહ જોસેફ પરમાર.

# ગુજરાતી સોસાયટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડા દ્વારા ઓર્લેન્ડો- USAમાં કિડ્સ ગરબા યોજાયા

ગુજરાતી સોસાયટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડા, ઓર્લેન્ડો-USA ખાતે શ્રી જયેશભાઈ પટેલ-(બોરીયાવી), પ્રમુખશ્રી, ગુજરાતી સોસાયટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડા-યુએસ.એ., તથા શ્રી ધર્મેન્દ્રભાઈ જે. પટેલ- (જે.ડી.બિલ્ડર્સ, આણંદ)ના નેતૃત્વ હેઠળ કિડ્સ ગરબાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ૯૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. બાળકોને વેલ-કમ કીટમાં જ્યુસ, પાણીની બોટલ, અને નાસ્તો આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં યોગેશ પટેલ, પ્રવિણ પટેલ, દેવાંગ શાહ, ડાહયાભાઈ પટેલ, ડૉ. સેજલ પટેલ, ફાલ્ગુની પટેલ, નિરાલી પટેલ, બિજલબેન તથા તોરલબેન તેમજ ઓર્લેન્ડો ખાતે વસતા સૌ ગુજરાતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળકોના ગરબા કાર્યક્રમની રમઝટ માણી હતી. બાળકોમાં આધ્યાત્મિકતા વધે, તેમજ ભારતીય સંસ્કૃતિની ભાવના વધે તે હેતુથી ગુજરાતી સોસાયટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડા, ઓર્લેન્ડો ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમના અંતે શ્રી જયેશભાઈ પટેલ (બોરીયાવી), તથા શ્રી ધર્મેન્દ્રભાઈ જે. પટેલ-(જે.ડી.બિલ્ડર્સ, આણંદ) તેમજ ઉપસ્થિત મહેમાનોની ઉપસ્થિતિમાં બાળકોને ગિફ્ટની કિટ જેમાં પર્સ, ટુવાલ, કોફી-મગ, તેમજ રમકડાં આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ઓર્લેન્ડોમાં વસતા ગુજરાતી સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ, ખજાનચી, ટ્રસ્ટીઓ તથા અન્ય બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ઉપસ્થિત રહયા હતા.










## અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ - આણંદ

### આગામી કાર્યક્રમ

### નવરાત્રી મહોત્સવ

તારીખ : ૨૭ / ૦૯/૨૦૨૫ , શનિવાર,
સમય : સાંજે ૪:૩૦ કલાકે
સ્થળ : લાયન્સ હોલ ( સ્કેટીંગ વીંગ ) આણંદ
સમારંભ અધ્યક્ષ : શ્રી જયંતિભાઈ આર. શાહ - પ્રમુખ શ્રી ( પેટ્રોલપંપ વાળા )

**લ્હાણીદાતાશ્રી**
કોકિલાબેન શાહ અને
અનુભાબેન પટેલ - આણંદ
ભોજન પ્રાયોજક : શ્રીમતિ કોકીલાબેન જયંતકુમાર - વિદ્યાનગર

**પાસ વિતરણ**
તારીખ : ૨૬/૦૯/૨૫ , શુક્રવાર
સમયઃ સાંજે ૫-૦૦ થી ૬ - ૦૦
સ્થળ : લાયન્સ હોલ , આણંદ

નોંધ :
૧.અમૂલ્ય બહેનોએ લ્હાણી માટે પોતાનું ઓળખપત્ર લાવી રજીસ્ટ્રેશન કરાવવું .
૨. સમારોહના દિવસ ભોજનપાસનું વિતરણ કરાશે નહિ તેની નોંધ લેવી .
૩. દરેક સભ્યોએ સમયસર પધારવા વિનંતી

**જયંતિભાઈ આર. શાહ, પ્રમુખશ્રી**
**નરેન્દ્ર હ. શાહ - મંત્રીશ્રી**

# ચરોતર અને પંચામદા લાયન્સ પરિવાર દ્વારા આયોજિત રાત્રી બીફોર નવરાત્રી થનગનાટ 2025ની ભવ્ય ઉજવણી









ચરોતર અને પંચામદા લાયન્સ પરિવાર દ્વારા આયોજિત રાત્રી બીફોર નવરાત્રી થનગનાટ 2025નું ભવ્ય આયોજન આણંદ ખાતે રાજ પાર્ટી પ્લોટ માં રવિવાર ના રોજ કરવામાં આવ્યું હતું. આણંદ, ખેડા, નડિયાદ, મહીસાગર, પંચમહાલ, દાહોદ વિગેરે જિલ્લાની જુદી જુદી ક્લબો ના સભ્યો એ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

આ થનગનાટ ગરબામાં ચીફ એડવાઝ ર તરીકે લા. જ્યંતિભાઈ પટેલ PMCC, લા. દીપકભાઈ શાહ ઈવેન્ટ ચેરમેન, લા. કિરણ મિસ્ત્રી ઓર્ગનાઈઝીગ કમિટી ચેરમેન ની સેવા આપી હતી. લાયન્સ ઈન્ટરનેશનલ ડિરેક્ટર લા. રમેશભાઈ પ્રજાપતિ, ચીફ ગેસ્ટ, ડિસ્ટ્રિક્ટ ગવૅર્નર લા. દીપકભાઈ સુરાના,ઉદ્વાટક, VMCC લા મનોજ પરમાર સ્પેશ્યલ ગેસ્ટ તરીકે હાજર રહ્યા હતા. પ્રમુખ પૂજન જ્વેલ્સ, આણંદ ના શ્રી હરિકૃષ્ણ ભાઈ અને તેમનો પરિવાર આ ગરબા ઈવેન્ટ ના મુખ્ય સ્પોન્સરર અને લા. મેહુલભાઈ પટેલ, લા. હર્ષદ ભાઈ મેહતા, લા. જ્યેશભાઈ રોહિત co-sponsoror હતા. ગેસ્ટ ઓફ ઓનર તરીકે લા. જે પી. ત્રિવેદી PMCC, લા. ભરતભાઈ શાહ PDG ખંભાત, વલા. PDG પ્રભુદાયાલ વર્માજી ગોધરા, લા. Dr. ઉપેન દીવાનજી, નડિયાદ હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડી માં અંબામાતાજી ના ગરબે ઘૂમ્યા હતા.

Co ચેરમેન તરીકે લા. નૃપલ પટેલ, લા. ઘનશ્યામભાઈ પરમાર, લા. ચિરેન્દ્ર પંચાલ, લા. હેમંત વર્મા, લા. નિમેશસિંહ જામ હાજર રહી સેવા આપી હતી. આ ઉપરાંત જુદી જુદી ક્લબો મોથી પ્રમુખ, મંત્રી, ખજાનચી, લાયન્સ ભાઈઓ, લાયન્સ બહેનો, નોન લાયન્સ, આમંત્રિત મેહમાનો ગરબા મોં ભાગ લઈ ગરબે ઘૂમ્યા હતા. આરતી સુશોભન હરીફાઈ મોં વિજેતા ઈનામ અપાયા હતા. ગરબા મોં જુદા જુદા ગ્રુપ મોં બેસ્ટ ડ્રેસ, બેસ્ટ એકશન માટે, ભાઈઓ અને બહેનો, બાળકો અને કપલ દરેકને પ્રથમ ત્રણ વિજેતા ને Ln. નીતાબેન મનોજભાઈ પરમાર દ્વારા ઈનામ અપાયા અને Ln. સ્વાતિ બેન ના સ્મારનાર્થે લા. રઘુભાઇ જોશી દ્વારા શિલ્ડ અપાયા હતા. નિર્ણાયક તરીકે મનીષા બેન રાઠોડ એને તેજલબેન પુરોહિત સેવા આપી હતી. આ ઉપરાંત લા. સંજયભાઈ પરીખ, રમેશભાઈ ડી.પટેલ, આણંદ, હેમંતભાઈ પંડ્યા, હસમુખભાઈ પટેલ, સન્ની સુખડીયા,બોરસદ પ્રકાશભાઈ ગજ્જર, કિરણભાઈ દલવાડી કરમસદ, હેમંતભાઈ પરીખ, પેટલાદ, દિનેશભાઈ મહીડા ખંભાત, અંકિત પંડ્યા, લાયન્સ ક્લબ યુવા, આણંદ ના ઉત્સાહી સભ્યો જ્યોત્સના બેન, રેખાબેન નગરશેઠ, પલ્લવીબેન પટેલ, શિલ્પાબેન પરીખ, ઉમેશભાઈ પટેલ, હેમંતભાઈ નગરશેઠ, રિતેશ પંચાલ, પ્રશાંત શાહ, હેતલબેન વ્યાસ અને અન્ય લાયન્સ મિત્રો એ આ કાર્યક્રમને સફળ બનાવવા જેહમત ઉઠાવી હતી. ગરબા કાર્યક્રમ બાદ ભોજન એને લ્હાણી પણ દરેકને આપવામાં આવી હતી. લાયન નયનાબેન કંટાવાળા તરફથી આકાર્ષક 108દીવડા ની આરતી એ આ કાર્યક્રમ નું આકર્ષણ બન્યું હતું. આ કાર્યક્રમ નું સફળ અને સુંદર રીતે સંચાલન ઈવેન્ટ ચેરમેન લા. દીપકભાઈ શાહએ કર્યું હતુ અને આભારવિધિ કિરણભાઈ મીસ્ત્રીએ કરી હતી.

## આંકલાવ તાલુકાના બીલપાડ ગામે પડધા વગા વિસ્તાર રોડનુ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાના હસ્તે ખાતમુહુર્ત





આંકલાવ તાલુકાના બીલપાડ ગામે પડઘા વગા વિસ્તાર રોડનુ ખાતમુહુર્ત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને આંકલાવ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્યશ્રી માન. અમિતભાઈ ચાવડાના હસ્તે કરવામાં આવ્યું અને આ સમયે આશોમહીના બીજના રામદેવજી મહારાજ અને માતાજીના આશીર્વાદ લીધા. આ સાથે તાલુકાના આગેવાનો તથા બીલપાડ ગામના ગ્રામજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમુલની 700 પ્રોડ્કટમાં જીએસટી દરમાં ઘટાડો થતાં કિંમતમાં ઘટાડો થયો

ભારતની સૌથી મોટી ફૂડ બ્રાન્ડ, અમુલે આજે 700 થી વધુ ઉત્પાદનોની સુધારેલી કિંમતની યાદી જાહેર કરી છે, જેમાં ગ્રાહકોને GST દરમાં ઘટાડાનો સંપૂર્ણ લાભ આપવામાં આવ્યો છે. આ કીંમત, સુધારેલા GST દરો લાગુ થવાની તારીખ 22 સપ્ટેમ્બર, 2025 થી અમલમાં આવશે.

આ સુધારો માખણ, ઘી, UHT મિલ્ક, આઈસ્ક્રીમ, ચીઝ, પનીર, ચોકલેટ્સ, બેકરી શ્રેણી, ફ્રોઝન ડેરી અને પોટેટો સ્નેક્સ કન્ડેન્સ્ડ મિલ્ક, પીનટ સ્પ્રેડ, માલ્ટ આધારિત પીણું વગેરે જેવી ઉત્પાદન શ્રેણીઓમાં કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, અમુલ એ 36 લાખ ખેડૂતોની માલિકીની સહકારી સંસ્થા છે. અમુલનું માનવું છે કે, GST દરોમાં ઘટાડો થવાથી આઈસ્ક્રીમ, ચીઝ અને માખણ સહિતના વિવિધ ડેરી ઉત્પાદનોનો વપરાશ વધશે. ભારતમાં વધુ વસ્તી અને ઓછી માથાદીઠઆવક ને કારણે માથાદીઠ વપરાશ ખૂબ જ ઓછો છે. GST માં ઘટાડો થવાથી અમૂલને ગ્રાહકોથી ઉત્પાદકો સુધીની આવકનો હિસ્સો વધારવામાં મદદ મળશે, જેનાથી આ પહેલ ઉત્પાદકો અને ગ્રાહકો બંને માટે ફાયદાકારક બનશે.

આ પહેલ દ્વારા અમુલ તેના સંચાલનમાં ગુણવત્તા અને પોષણક્ષમતાને પ્રાધાન્ય આપે છે. આ ઉપરાંત, આ સંસ્થા ખેડૂતોના વિકાસ અને કલ્યાણની ભાવનાને જાળવી રાખીને તેમજ ગ્રાહકોને શુદ્ધ અને શ્રેષ્ઠ પ્રોડક્ટ ઉપલબ્ધ કરાવીને અથાક પરિશ્રમથી હાંસલ કરેલા તેના સમૃદ્ધ વારસાનું જતન કરી રહી છે. અમુલે પહેલાથી જ તેના બિઝનેસ પાર્ટનર્સ, જેમાં ભારતભરના વિતરકો, અમુલ પાર્લર અને રિટેલર્સનો સમાવેશ થાય છે, તેમને ભાવ સુધારા વિશે જાણ કરી દીધી છે.

## રેટ્રો મ્યુઝીક આણંદ ખાતે રાસ-ગરબા હરિફાઈ યોજાઈ









રેટ્રો મ્યુઝીક આણંદ ખાતે નિલેશભાઈ પટેલ (એડનવાલા)ના અધ્યક્ષ સ્થાને આણંદ ખાતે મેટ્રો મ્યુઝીકના સભ્યો માટે રાસ-ગરબા હરિફાઈ યોજાઈ હતી. જેમાં જજ તરીકે જાગૃતિ મહિલા સમાજના પ્રમુખ ભારતીબેન પટેલ અને સોનલબેન પટેલ (ધારા સુપર સ્ટોરવાળા) એ ફરજ બજાવી હતી. આ પ્રસંગે જાગૃતિ મહિલા સમાજ આણંદના આદ્યસ્થાપક કુસુમબેન એડનવાલા તેમજ મેટ્રો મ્યુઝીકના સભ્યો હાજર રહ્યા હતા.

# મેડીકલના વિદ્યાર્થીઓને એનેટોમી શીખવા માટે દેહદાન કરવામાં આવેલા સ્વ. પ્રજેશ પ્રકાશભાઈ પટેલના દેહના અંતિમ સંસ્કાર કરાયા



મૂળ આણંદ જીલ્લાના ઓડ ગામના વતની, હાલમાં મુંબઈ ખાતે રહેતા અને ઈસરોમાં ઈલેક્ટ્રીકલ સર્કિટ, ગોલ્ડ પ્લેટીંગ સપ્લાયનું કામ કરતા અને અંગદાનની જનજાગૃતિ માટે સમાજમાં કાર્ય કરતી સંસ્થા ડોનેટ લાઈફના ટ્રસ્ટી પ્રકાશભાઈ પટેલનો સુપુત્ર પ્રજેશ ઉ.વ ૩૯ નું તા. ૨૧ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ ટુકી માંદગી બાદ કેનેડામાં અવસાન થતા તેના પાર્થિવ દેહને ૩૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ ભારત લાવી સ્વ. પ્રજેશનો અંતિમ સંસ્કાર કરવાને બદલે મેડીકલના વિદ્યાર્થીઓને શરીરની એનેટોમી શીખવા માટે સ્વ. પ્રજેશના દેહનું દાન ડોનેટ લાઈફ સંસ્થાના સ્થાપક અને પ્રમુખ નિલેશ માંડલેવાલાના માર્ગદર્શન હેઠળ તથા આણંદના સાંસદ મીતેશભાઈ પટેલ (બકાભાઈ), મનીષભાઈ પટેલ (CVM) અને પ્રદીપભાઈ પટેલ (કોમ્ફી ફર્નિયર) ના સહયોગ થી જી.જે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, સીવીએમ યુનિવર્સિટી ન્યુ વલ્લભ વિદ્યાનગરને કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વિદેશમાં વસવાટ કરતા ભારતીય નાગરિક વિદેશમાં મૃત્યુ પામ્યા હોય અને દેશમાં તેનો પાર્થિવ દેહ લાવીને તેમનું દેહદાન કર્યું હોઈ તેવી દેશની આ સૌ પ્રથમ ઘટના હતી. જી.જે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, સીવીએમ યુનિવર્સિટી ન્યુ વલ્લભ વિદ્યાનગરના ડીન ડો. સરિતાબેને આપેલી માહિતી મુજબ સ્વ. પ્રજેશના દેહદાન થકી ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓને શરીરની એનેટોમી શીખવા મળી છે. આજ રોજ સ્વ. પ્રજેશ પ્રકાશભાઈ પટેલના દેહ ને જી.જે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, સીવીએમ યુનિવર્સિટી ન્યુ વલ્લભ વિદ્યાનગર દ્વારા બુધવાર તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ વૈદિક રીતે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

ધન્ય છે... વંદન છે. પ્રણામ છે સલામ છે. સ્વ.પ્રજેશની ધર્મપત્ની સેજલ, માતા-પિતા પ્રકાશભાઈ અને આરતીબેન તેમજ સમગ્ર સૂર્યજર્દા પરિવારને આ દુઃખની ઘડીમાં કાળજા ઉપર પથ્થર મૂકી જુવાનજોધ પતિ/પુત્ર સ્વ.પ્રજેશનું દેહદાન કરી સમાજને નવી દિશા બતાવી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવા બદલ.

અંગદાન એક ઈશ્વરીય કાર્ય છે, આપણે સૌ સંકલ્પ કરીએ કે જ્યારે પણ કોઈ વ્યક્તિ રોડ અકસ્માત, બ્રેઈન સ્ટોક, બ્રેઈન હેમરેજના કારણે બ્રેઈનડેડ થાય ત્યારે તેના અંગોનું દાન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવા અને સામાન્ય મૃત્યુ થાય તો દેહદાન કરી મેડીકલના વિદ્યાર્થીઓને શરીરની એનેટોમી શીખવા માટેના યજ્ઞમાં જોડાઈએ... બ્રેઈનડેડ વ્યક્તિના અંગદાન થી ઓર્ગન નિષ્ફળતાના દર્દીને જ નહી પરંતુ તેના સમગ્ર પરિવારને નવજીવન મળે છે. ચાલો આપણે સૌ સાથે મળી સમાજમાં અંગદાન જીવનદાન નો સંદેશો ફેલાવી દેશમાં લાખો દર્દીઓ અંગો ન મળવાને કારણે મૃત્યુ પામે છે તેઓને નવજીન આપવાના ઈશ્વરીય કાર્યમાં જોડાઈએ. અંગદાન અથવા દેહદાન વિષેની કોઈપણ જાતની માહિતી અથવા મદદની જરૂર હોય તો ડોનેટ લાઈફનો સંપર્ક કરવા વિનંતી. મોબાઈલ નંબરઃ +૯૧ ૯૮૨૫૬ ૦૯૯૨૨.

## અમેરિકામાં ચરોતરબંધુ ગુજ્જુ નરેન્દ્ર પાઠકની (VTA)માં નિમણૂકની પુષ્ટિ



સનીવેલ, (સિલીકોન વેલી) કેલિફોર્નિયાના નરેન્દ્ર પાઠકને (VTA) બોર્ડ ટ્રાન્સપોર્ટેશન મોબિલિટી એન્ડ એક્સેસિબિલિટી (CTMA) માં નિયુક્ત કરવામાં આવ્યા હતા અને સાન્ટા ક્લેરા વેલી ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટી (VTA) બોર્ડે 4 સપ્ટેમ્બર, 2025 ના રોજ સર્વાનુમતે નિમણૂકની પુષ્ટિ કરી હતી. ગુજરાત રાજ્યના કરમસદના વતની નરેન્દ્ર પાઠકે શ્રમ કાયદા અને ફોજદારી કાયદામાં અર્થશાસ્ત્ર અને કાયદામાં B.A. ડિગ્રી મેળવી છે. 17 બોર્ડ સભ્યો, ફેડરલ અમેરિકન્સ વિથ ડિસેબિલિટીઝ, મોબિલિટી એન્ડ એક્સેસિબિલિટી સાથે VTA બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સલાહકાર મંડળ તરીકે કાર્ય કરે છે. માનવ અને પરિવહન અધિકારો, યુનાઈટેડ સ્ટેટ્સ ફિઝિકલ ડિસેબિલિટીઝ કમિશન સાથે સંકલન કરે છે. ફેડરલ અને સ્ટેટ ડિસેબિલિટીઝના વિકાસ માટે ઈનપુટ. નરેન્દ્ર પાઠક સાન્ટા ક્લેરા કાઉન્ટીના સલાહકાર બોર્ડના સભ્ય, ઈન હોમ સપોર્ટિવ સર્વિસીસ, (IHSS), કેલિફોર્નિયા IHSS કન્ઝ્યુમર એલાયન્સ (CICA), ટ્રાન્સપોર્ટેશન મોબિલિટી એન્ડ એક્સેસિબિલિટી (CTMA) અને ધ સાન્ટા ક્લેરા વેલી ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટી (VTA), કમિશનર, હ્યુમન રાઈટ્સ કમિશન, કમિશનર, કાઉન્સિલ ઓન ઈક્વલ એમ્પ્લોયમેન્ટ ઓપોર્ચ્યુનિટીઝ, એડવાઈઝરી બોર્ડના સભ્ય, સાન્ટા ક્લેરા ફેમિલી હેલ્થ પ્લાનમાં એડવાઈઝરી બોર્ડના સભ્ય, નરેન્દ્ર પાઠકે સનીવેલ સિટીના બોર્ડ ઓફ લાઈબ્રેરી ટ્રસ્ટીઝ, કમિશનર, હાઉસિંગ એન્ડ હ્યુમન સર્વિસીસ કમિશનમાં સેવા આપી છે. ટ્રાન્સપોર્ટેશન કમિશન, જસ્ટિસ રિવ્યુ કમિશન, જેલ કમિશન, સાથે સંકળાયેલા છે. તેમજ સમુદાયની પ્રવૃતિઓમાં ચેરીટેબલ કેર ફાઉન્ડેશનના ખજાનજી તરીકે પણ સેવા બજાવી હતી. સીતારામ સમર્પિત એસોસિએશન, કેલિફોર્નિયા ગુજરાત સિસ્ટર સ્ટેટ એસોસિએશન, ઈન્ડિયા હેરિટેજ રિસર્ચ ફાઉન્ડેશન, બે એરિયા ગુજરાતી સમાજ, ઈન્ડિયા કલ્ચરલ એસોસિએશન ઓફ બે એરિયા અને બ્રાહ્મીણ સમાજ ઓફ યુએસએ સાથે પણ સંકળાયેલા છે. તેમજ તરીકે સેવા આપી રહ્યા છે. નરેન્દ્ર પાઠક શારીરિક રીતે ડિસેબલ અક્ષમ છે.

# આણંદ સિનિયર સિટીઝન આણંદ ખાતે નવરાત્રી ગરબા મહોત્સવ ૨૦૨૫ યોજાયો



તસ્વીર: મનોજભાઈ બ્રહ્મભટ્ટ



તસ્વીર: મનોજભાઈ બ્રહ્મભટ્ટ

આણંદ સિનિયર સિટીઝન આણંદ ખાતે નવરાત્રી પર્વની ઉજવણી પ્રમુખ દેવેન્દ્રકુમાર દેસાઈ ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી. માતાજીની પ્રાર્થના આરાધના બાદ મંચસ્થ મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી પ્રમુખ દેવેન્દ્રકુમાર દેસાઈ એ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર્યા હતાં.મુખ્ય મહેમાન તથા ગરબાની લાહણીદાતા હંસાબેન અમૃતલાલ ધ્રુવ નો પરિચય આપી. પ્રમુખ તેમજ મંત્રી દ્વારા મોમેન્ટ આપી સન્માન કર્યું હતું.

નવરાત્રી મહોત્સવ પેટે સહાયક દાતાઓ દ્વારા જેઓએ રૂપિયા 1,000 થી વધારે રકમની સહાય કરી તેઓનું પણ ઉપપ્રમુખ જ્યોતીન્દ્રભાઈ પટેલ, વિનોદભાઈ માવાણી, કાંતિભાઈ સુથાર, નવીનભાઈ દીક્ષિત વિગેરે કારોબારી સભ્યો દ્વારા મોમેન્ટો આપી સન્માન કરી તેઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થા ના ભાઈ બહેનોએ ખૂબ ઉત્સાહ અને આનંદપૂર્વક ગરબે ઘુમી હોલ માં ખુશાલીનું વાતાવરણ ઉભુ કરી દીધું હતું. જન્મદિન અભિવાદન તથા લકીડ્રો નું સંચાલન વિનોદભાઈ માવાણીએ કર્યું હતું. જન્મદિન અભિવાદન સૌજન્ય ચંદુભાઈ બારોટ તથા લકીડ્રો નું સૌજન્ય કિરીટભાઈ સોની, હંસાબેન ધ્રુવ તથા ડો.પ્રવિણાબેન પંડ્યા તરફથી થયું. લાહણી, પ્રસાદના વિતરણનું આયોજન ગિરિશશાહ,લતાબેન શાહ, નવીનભાઈ દીક્ષિત તથા મહેન્દ્ર ભાઈ શાહ દ્વારા કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન તથા આભાર વિધિ ડો. વી.વી.બારૈયાએ કરી હતી.

## 13મી વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. કપિલાબેન દિનેશચંદ્ર પટેલ**

જન્મ તા. 1/3/1940 સ્વ. તા. 29/9/2012

સારા માણસો તો તરત હૃદયમાં જગ્યા મેળવી લે છે. દુઃખ તો એજ છે કે સાથ પણ જલ્દી છોડી ચાલ્યા જાય છે. પ્રભુ ને બસ પ્રાર્થના કે તેમના આત્માને શાંતિ મળે.

લિ,

**દિનેશચંદ્ર શીવાભાઈ પટેલ (વાસદવાળા) USA આણંદ**

શૈલેષભાઈ દિનેશભાઈ પટેલ (પુત્ર)
વિભુતિબેન શૈલેષભાઈ પટેલ (પુત્રવધુ)
રોનક શૈલેશભાઈ પટેલ (પૌત્ર)
એકતા રોનક પટેલ (પૌત્રવધુ)
નયનકુમાર ગિરીશભાઈ પટેલ (જમાઈ)
નયનાબેન નયનકુમાર પટેલ (પુત્રી)
ધીરેનકુમાર ઉપેન્દ્રભાઈ પટેલ (જમાઈ)
હિનલબેન ધીરેનકુમાર પટેલ (પૌત્રી)